# જિલ્લા પંચાયત કચેરી ખાતે આંકડા શાખાની કચેરી આગમાં લપેટાઈ

## અગત્યના દસ્તાવેજ સહિત ઉપકરણો બળીને ખાક, બે કલાક પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો, આગનું કારણ અકબંધ

ગાંધીનગર,તા.૯

ગાંધીનગર જિલ્લા પંચાયત કચેરી ખાતે મંગળવારના રોજ સવારના સમયે આંકડા શાખાની કચેરીમાં અચાનક આગ ભભુકી ઉઠી હતી. આગમાં મહત્વના કાગળો તેમજ આધુનિક ઉપકરણો બળીને ખાક થઈ ગયા હતા. આગની જવાળાઓ દુર દુર સુધી દેખાતી હતી. આંકડા શાખામાં લાગેલી ભીષણ આગ પર બે કલાક પાણીનો મારો ચલાવી ફાયર ટીમે આગ કાબુ મેળવ્યો હતો.જયારે આગ કયાં કારણોસર લાગી તેનું ચોક્કસ કારણ જાણવા માટે એફએસએલ ટીમની મદદ લેવામાં આવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર જિલ્લા પંચાયત કચેરીના પહેલા માળે આવેલી આંકડા શાખામાં અચાનક આગની ઝપેટમાં આવી ગઈ હતી. કચેરી ખુલતા જ ભીષણ આગ લાગી હતી. ત્યારે અડીને આવેલી ગાંધીનગર ફાયર બ્રિગેડની ટીમના જવાનોએ આગ પર કાબુ મેળવવા માટે કામગીરી શરુ કરી હતી. સતત પાણીનો મારો ચલાવ્યા પછી પણ આગ પર વધુ વિકરાળ બની રહી હતી. ફાયરના જવાનો દ્વારા બે કલાક સુધી પાણીનો મારો ચાલુ રાખ્યો હતો.જયારે કર્મચારીઓ ફરજ પર આવી રહ્યા હતા તે સમયે કર્મચારીઓ ભીષણ આગની જવાળાઓ જોઈ ડરી ગયા હતા. ત્યારે ફાયર ટીમના જવાનોએ ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. પરંતુ આગમાં પંચાયતની આંકડા શાખામાં રહેતા મહત્વના દસ્તાવેજો, કોમ્પ્યુટર, અને ઈલેકટ્રીક ઉપકરણો બળીને રાખ થઈ ગયા હતા. બનાવ અંગે જાણ કરતા પોલીસ મથકની ટીમના સભ્યો આવી પહોંચ્યા હતા. સ્થાનિક પોલીસની ટીમ તેમજ એફએસએલની ટીમ દ્વારા તપાસ કરવામાં આવશે. જયારે આગ કયાં કારણોસર લાગી તે જણી શકાયું નથી. પરંતુ આગની જવાળાઓમાં બે વિભાગના રેકોર્ડ અને ૧૨ જેટલા કોમ્પ્યુટર આગની લપેટમાં આવી ગયા છે.જયારે સદનસીબે કોઈ જાનહાનિ થવા પામી ન હતી. પરંતુ આગ લાગી કે લગાવાઈ તે મુદ્દો પણ નગરજનોમાં ચર્ચાનું સ્થાન બન્યો હતો.





## આગના બનાવની નિષ્પક્ષ તપાસ કરાવવા વિપક્ષની માંગ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લા પંચાયતના વિપક્ષના નેતા રશ્મિનજી ઠાકોરે જિલ્લા પંચાયતની આંકડા શાખામાં લાગેલ આગની નિષ્પક્ષ તપાસની માંગ કરી છે.

તેમણે જણાવ્યુ છે કે આ આગને કારણે પંચાયતના રેકર્ડને ભારે નુકશાન થયુ છે. ગાંધીનગર જિલ્લા પંચાયતનું મકાન જુનુ અને જર્જરિત થયુ છે પણ સરકાર દ્વારા નવા મકાનની જગ્યાની ફાળવણી કરવામાં આવતી નથી તે દુઃખદ છે.

**● મહિલા-બાળ વિકાસ વિભાગને મોટા નુકશાનનો ભય**

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે લાગેલ આગના બનાવમાં મહિલા-બાળ વિકાસ વિભાગની શાખાને ભારે નુકશાન થયુ છે. આ શાખાધિકારીની ઓફિસ, ઓફિસમાં રહેલ ફાઈલો તેમજ ૪૦ થી વધુ ટેબ્લેટ્સ પણ ભસ્મીભૂત થઈ જવા પામ્યાનું જાણવા મળેલ છે. પંચાયતની આંકડા શાખાના પંખા, રેકર્ડ ૧૨ થી વધુ કોમ્પ્યુટર તેમજ ફર્નીચર પણ બળીને ખાખ થઈ ગયેલ છે.

**● જિલ્લા પંચાયતમાં વીજ વપરાશ વધુ પડતો હતો...**

ગાંધીનગર જિલ્લા પંચાયત કચેરીમાં વીજ વપરાશ વધુ પડતો હતો. તેને મળતા વીજલોડની ક્ષમતામાં વધારો કરવા માટે પણ ટોરેન્ટ પાવરને રજુઆત કરાઈ હતી.

જિલ્લા પંચાયતની કચેરીમાં વીજ વપરાશ વધુ પડતો હોવાથી તેના વાયરોમાં વારંવાર ટ્રીપીંગ પણ થતુ હતુ અને કચેરીઓમાં વીજ પુરવઠો પણ ખોરવાઈ જવાની ઘટનાઓ સતત બનતી રહી હતી.

**● આગમાં પંખા બળીને સાફ થઈ ગયા...**

ગાંધીનગર જિલ્લા પંચાયતની આંકડા શાખામાં લાગેલ આગમાં જે પંખાઓ હતા તે બળીને ખાખ થઈ ગયા હતા. લોબીમાં રખાયેલ એક પંખાના પાંખીયા તો સાવ બેન્ડ થઈ ગયા હતા.

**● મોડી સાંજ સુધી આગનું કારણ ન જણાયુ**

જિલ્લા પંચાયતમાં લાગેલી આગના બનાવનું કારણ હજુ સુધી સ્પષ્ટ થઈ શકયુ નથી. એફ.એસ.એલ.ની ટીમ પંચાયતમાં આવી હતી અને તે કેટલાક નમુના લઈ ગઈ છે.

**● પંચાયત મંત્રી બ્રિજેશ મેરજા અને મેયર હિતેશ મકવાણા પંચાયત કચેરીએ દોડી આવ્યા**

આગના બનાવની ઘટના પછી રાજ્ય પંચાયત મંત્રી મેરજા, ગાંધીનગરના મેયર હિતેશ મકવાણા પંચાયતની કચેરીએ દોડી આવ્યા હતા અને તેમણે અસર પામેલ બ્રાન્ચ તેમજ પંચાયતની કચેરીની મુલાકાત લઈ તાત્કાલિક પ્રાથમિક વિગતો મેળવી વિગતવાર અહેવાલ નુકશાન સહિતનો આપવા જિલ્લા વિકાસ અધિકારીને જણાવ્યુ હતું.



મેરજાએ ગાંધીનગર સમાચાર સાથેની ખાસ વાતચીતમાં જણાવ્યુ હતુ કે પંચાયત દ્વારા સરકાર પાસે જે મદદ માંગવામાં આવશે તે તમામ મદદ કરવામાં આવશે. સ્વભંડોળમાંથી ખર્ચ કરવા માટેની મંજૂરી પણ ઝડપથી મળી જાય તે સરકાર જોશે.

**● મહિલા કર્મયોગીનીઓને રજા અપાઈ**

આગ કાબુમાં આવી ગયા બાદ પંચાયતમાં વિવિધ શાખાઓમાં ફરજ બજાવતી મહિલા કર્મયોગીનીઓને ઘરે જવાની છૂટ આપવામાં આવી હતી.

**● પંચાયતમાં વીજ પુરવઠો સાંજ સુધી પુનઃ પ્રસ્થાપિત ના થયો**

જિલ્લા પંચાયતમાં લાગેલ આગના પગલે ખોરવાયેલો વીજપુરઠો મોડી સાંજ સુધી પુનઃ પ્રસ્થાપિત થઈ શક્યો ન હતો. હવે કાલે સવારે કચેરી પહેલાં તે પુનઃ પ્રસ્થાપિત કરાશે તેમ જાણવા મળેલ છે. ટોરેન્ટના અધિકારીઓએ ખુલ્લુ વાયરીંગ જોઈ નારાજગી વ્યક્ત કરી હોવાનું જાણવા મળેલ છે.

# સેકટર-૧ માં લુંટના બહાને ઘરમાં ઘુસેલા બે આરોપીઓ પકડાયા : એક વોન્ટેડ

ગાંધીનગર, તા.૯

શહેરના વીઆઈપી સેકટર-૧માં વૃધ્ધાના ઘરે કપડા ધોવાનો પાવડર વેચવા માટે શખ્સો આવ્યા હતા. આ શખ્સોને વૃધ્ધાએ પાવડર લેવાની ના પાડી હતી. જેથી શખ્સોએ પીવાના પાણીની માંગ કરી હતી, ત્યારે રસોડામાં વૃધ્ધા પાણી લેવા માટે ગયા હતા, તે સમયે જ પાછળ થી શખ્સો લુંટ કરવાના બહાને ઘરમાં ઘુસી જઈને હાથમાં રહેલા છરી વડે હુમલો કરી ઈજાઓ પહોંચાડી હતી. બાદમાં મહિલાએ હોહા કરતા સ્થાનિક નાગરીકો એકઠા થઈ જતા શખ્સો ભાગી ગયા હતા. બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ આપતા પોલીસે ગણતરીના કલાકોમાં જ અમદાવાદમાંથી ત્રણ શખ્સો પૈકી બે શખ્સોને દબોચી લીધા છે.

લુંટના નિષ્ફળ પ્રયાસના ગુનાના આરોપીઓને તાત્કાલીક શોધી કાઢવા માટે ગાંધીનગર રેન્જ આઈજીપી અભય ચુડાસમા અને જિલ્લા પોલીસ વડા મયુર ચાવડા તેમજ નાયબ પોલીસ અધિક્ષક એમ.કે.રાણાના માર્ગદર્શન અને જરુરી સુચનાઓ આપી હતી. જે અન્વયે એલસીબી-૧ અને ૨, એસઓજી સહિત સ્થાનિક પોલીસ મથકની ટીમો વિવિધ દીશામાં કામે લાગી હતી. વૃધ્ધાના ઘરે આવતા અને જતા તમામ માર્ગે લગાડેલા સીસીટીવી ફુટેજ, હ્યુમન સોર્સ દ્વારા જરુરી કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસની તમામ ટીમો આરોપીઓને શોધી કાઢવા માટે કામે લાગી હતી. તે સમયે ટેકનીકલ સર્વેલન્સના પગલે જાણવા મળ્યું હતું કે આરોપીઓ અમદાવાદ થી આવ્યા હતા અને ગુનો આચરી અલગ થઈ ગયા હતા. જયારે ફરીયાદીએ અગાઉ આ શખ્સો તેમના ઘરે વોશીંગ પાવડર વેચવા માટે આવેલા હોવાનું જણાવ્યું હતું. જેથી આ પાવડરની થેલી જોતા તેના પર એક નંબર લખ્યો હતો. જેથી અમન નામના વ્યકિતને પાવડર વેચવા માટે આપ્યો હતો. પોલીસે અમન નામના શખ્સની તપાસ કરતા અન્ય એક કાર્તિક રાજારાજ કોષ્ટી (રહે. વી-૧૦૨, આકૃતિ ટાઉનશીપ વસંતવિહાર સોસાયટીની પાસે નારોલ ગામ અમદાવાદ), અને દિનેશ મોહનલાલ શ્રીકાર (રહે. એફ-૨૦૧ દેવનંદન સોસાયટી નિકોલ) હોન્ડા સાઈન બાઈક નં. જી.જે.૨૭. બી.કે.-૨૦૨૧ સાથે પકડાઈ ગયા હતા. આ શખ્સોની પુછતાછ કરતા તેઓ ભાંગી પડ્યા હતા અને કાર્તિક રાજારામ કોષ્ટીએ જણાવ્યું હતું કે ગત તા.૬ નવેમ્બરના રોજ તે અને તેના બનેવી દિનેશ શ્રીકાર અને મિત્ર અમન (રહે.વટવા જશોદાનગર ગોરના કુવા અમદાવાદ) સાઈન પ્લસ વોશીંગ પાવડર વેચાણ કરતો હતો. તેણે જણાવ્યું હતું કે તે ગાંધીનગર શહેરના સેકટર-૧ માં પાવડર વેચવા માટે ગયો હતો. ત્યાં એક વૃધ્ધા એકલા મકાનમાં જોવા મળ્યા હતા. તેઓ પૈસાદાર પાર્ટી છે,જેથી ત્રણેય જણા ઘરમાં ઘુસીને છરી બતાવી પાવડર વેચવાના બહાને ઘરમાં ઘુસી જઈશુ, ત્યારબાદ વૃધ્ધ મહિલાને મકાનમાં બાંધી દઈને રૂપીયા તેમજ સોના-ચાંદીના દાગીના લુંટ કરીને આવતા રહીશું તે મુજબનો પ્લાન નક્કી થયો હતો. ત્યારબાદ સૌ પ્રથમ મકાનની રેકી કરવા માટે આવ્યા હતા. મકાનની આસપાસ આંટાફેરા માર્યા બાદ જતા રહ્યા હતા.

ત્યારે તા.૮ ના રોજ બપોરના સમયે શહેરના સેકટર-૧ ખાતે આવેલા મકાનમાં લુંટ કરવા માટે ત્રણેય શખ્સો આવ્યા હતા. કાર્તિક અને અમન બંન્ને હાજર મહિલાને પાવડર લેવા માટે જણાવ્યું હતું. જેથી તેઓએ પાવડર લેવાની ના પાડતા પીવા માટે પાણી માંગ્યુ હતું. જેથી વૃધ્ધા મહિલા પાણી લેવા માટે રસોડામાં ગયા તે સમયે ઘરમાં ઘુસીને મોંઢુ દબાવી છરી મારતા મહિલાને ઈજા પહોંચતા બુમાબુમ કરીને હોહા મચાવતા ત્રણેય શખ્સો ભાગી ગયા હતા. જયારે ત્રણ પૈકી અમન નામનો આરોપી વોન્ટેડ છે. પોલીસે કાર્તિક કોષ્ટી અને દિનેશ શ્રીકાર પાસેથી એક મોબાઈલ ફોન કિં.૧૦ હજાર તેમજ હોન્ડા સાઈન બાઈક કિં.૨૫ હજાર મળી કુલ રૂ.૩૫ હજારનો મુદ્દામાલ કબ્જે કરી આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.





**નવા તથા જૂના કોબામાં ફૂલોના ગરબા યોજાયા**

નવા કોબા અને જૂના કોબામાં દિવાળીના દિવસે ફૂલોના ગરબા યોજાયા હતા. નવા તથા જુના કોબામાં ફૂલોના ગરબા દિવાળીના દિવસોમાં ગ્રામજનોની આસ્થાનું પ્રતિક ગણાય છે. વર્ષોથી ભક્તોની મનોકામના પૂર્ણ થવાથી ફૂલોના ગરબા કરવામાં આવે છે. જેમાં નવા કોબામાં વેરાઈ માતા તથા જૂના કોબામાં અંબાજી માતાના ફૂલોના ગરબાનું ઐતિહાસિક મહત્વ છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગરના સીટી ઈજનેર ભરત પંડ્યા ઈજનેરી વિંગના અધિકારીઓ સાથે શહેરમાં ચાલી રહેલા વિવિધ કામોની સાઈટ પર રાઉન્ડ લઈ સમીક્ષા કરી હતી.
- જિલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષપદે આજે જિલ્લાકક્ષાની લેન્ડ ગ્રેબીંગ કમિટીની બેઠક મળશે.
- ગાંધીનગર ગ્રામ્યમાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- ગાંધીનગર શહેર ભાજપના પ્રમુખ રુચિર ભટ્ટનો પ્રમુખ તરીકેના કાર્યકાળનું એક વર્ષ પૂર્ણ થતાં પ્રદેશ પ્રમુખ સી.આર. પાટિલ સહિતના નેતાઓએ અભિનંદન આપ્યા છે.
- તહેવારો દરમ્યાન ગાર્ડન સીટી તરીકેની ઓળખ ધરાવતા પાટનગરના ઉદ્યાનો પણ પ્રવાસીઓથી ઉભરાયા હતા.
- આગામી ૨૧મી નવેમ્બર સુધી ભાજપની સંગઠન પાંખ દ્વારા નૂતન વર્ષના સ્નેહમિલન યોજવામાં આવશે. ગાંધીનગર શહેર-જિલ્લામાં ૧૬મી પહેલાં સ્નેહમિલન યોજાશે.
- ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૪૪૦૦ થી વધુ લોકોને વેક્સિનેશન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા.
- ઉત્તર ગુજરાતના એક પ્રાંત અધિકારી સંવર્ગના અધિકારીની સાયબર ક્રાઈમ દ્વારા થયેલી ધરપકડે સચિવાલય સહિતની કચેરીઓમાં ભારે ચર્ચા જગાવી હતી.
- આજે રાજયના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા ફૂડ સેફ્ટી ઓન વ્હીલ્સનો લોકાર્પણ કાર્યક્રમ યોજાશે. આ ફૂડ સેફ્ટી ઓન વ્હીલ્સનો પ્રયોગ ગાંધીનગરમાં દિપાવલી પર્વ પહેલાં કરાયો હતો.


**ત્રીજી વાર્ષિક પૂણ્યતિથિએ**

**શ્રદ્ધાંજલિ**



**સ્વ. તરૂણાબેન બળવંતભાઈ પટેલ**

**સ્વ. તા. ૧૦-૧૧-૨૦૧૮, શનિવાર**

પડ્યા હૃદયમાં ઘા રૂઝાશે નહી,
મરણના આંસુ કદી સુકાશે નહી.
આપનો વિરલ સ્વભાવ કદી વિસરાશે નહી,
આપની ઓચિંતી વિદાય કદી ભુલાશે નહીં.

પ્રભુ આપના દિવ્ય આત્માને
ચિરઃશાંતિ આપે એ જ પ્રાર્થના
ઓમ શાંતિ... ઓમ શાંતિ... ઓમ શાંતિ...

**સ્વ. નારણભાઈ આત્મારામદાસ પટેલ**

નીમા બળવંતભાઈ પટેલ — બળવંત નારણભાઈ પટેલ
જૈમિન બળવંતભાઈ પટેલ — ચમનભાઈ આત્મારામદાસ પટેલ
લાભુબેન રામાભાઈ પટેલ — રામાભાઈ આત્મારામદાસ પટેલ
ફાલ્ગુનીબેન રતિશચંદ્ર પટેલ — રતિશચંદ્ર રામાભાઈ પટેલ
ઈલાબેન વિજયભાઈ પટેલ — વિજયભાઈ રામાભાઈ પટેલ
ધરા, કૃપા, ક્રિસ, હેના

**કોલવડા ગામ - ૪૨ સમાજ પરિવાર**


## આઈઆઈટી ગાંધીનગરના ગણિતના પ્રાધ્યાપકની સ્વર્ણજયંતિ ફેલોશિપ માટે પસંદગી

ગાંધીનગર તા. ૦૯

ગાંધીનગરના પાલજ સ્થિત ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી ખાતે ગણિતના એસોસિયેટ પ્રોફેસર અતુલ દીક્ષિત વર્ષ ૨૦૨૦-૨૧ માટે ગણિત-વિજ્ઞાનની શ્રેણીમાં પ્રતિષ્ઠિત સ્વર્ણજયંતિ ફેલોશિપ માટે પસંદગી પામ્યાં છે. ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી દ્વારા તાજેતરમાં ફેલોશિપની જાહેરાત કરવામાં આવી હતી. ગુજરાતની કોઈ સંસ્થાના સંશોધકને ગણિત વિજ્ઞાન કેટેગરીમાં સ્વર્ણજયંતી ફેલોશિપ પ્રથમ વખત આપવામાં આવી છે.

ભારત સરકાર દ્વારા ૧૯૯૭માં ભારતની આઝાદીના ૫૦મા વર્ષની સ્મૃતિમાં સ્વર્ણજયંતિ ફેલોશિપ યોજનાની સ્થાપના કરવામાં આવી હતી. આ અત્યંત સ્પર્ધાત્મક ફેલોશિપ છે જે પસંદગીના યુવા અને તેજસ્વી વૈજ્ઞાનિકોને વિજ્ઞાન અને ટેક્નોલોજીના સીમાવર્તી ક્ષેત્રોમાં નવીન સંશોધન પ્રોજેક્ટ્સ પર કામ



કરવા સક્ષમ બનાવવા માટે વિશેષ સહાય અને સહાય પૂરી પાડે છે. ફેલોશિપ પાંચ વર્ષના સમયગાળા માટે આપવામાં આવે છે. વધુમાં, ફેલોશિપ પ્રાપ્તકર્તાઓના પ્રોજેક્ટ્સને સાયન્સ એન્ડ એન્જિનિયરિંગ રિસર્ચ બોર્ડ દ્વારા ભંડોળ માટે ધ્યાનમાં લેવામાં આવે છે. પ્રો. અતુલ દીક્ષિતને તેમના સંશોધન પ્રોજેક્ટ માટે આ ફેલોશિપ એનાયત કરવામાં આવી છે જેનું શીર્ષક છે – 'સામાન્યકૃત હગ્લીટ્ઝ ફંક્શન્સ, મોડ્યુલર રિલેશન્સમાંથી ઉદ્ભવતા ઝેટા ફંક્શન્સ, સામાન્યકૃત લેમ્બર્ટ સિરીઝના એસિમ્પટિક્સ, અને મોક થીટા ફંક્શન્સહ્ન; જે વ્યાપકપણે એનાલિટિક નંબર થિયરી અને સ્પેશિયલ ફંક્શન્સના ઈન્ટરફેસ પર આવેલું છે.



**હવેલી મંદિર સેક્ટર-૨૧ ખાતે અન્નકૂટ મહોત્સવ યોજાયો**

શ્રીજી ગોવર્ધનનાથજી હવેલી મંદિર, સેક્ટર-૨૧ ખાતે નૂતન વર્ષ પર્વ નિમિત્તે ભવ્ય અન્નકૂટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે યુવા વૈષ્ણવચાર્ય પૂ. યાદ ગોસ્વામી ૧૦૮ વ્રજરાજ કુમાર મહોદયે ખાસ હાજરી આપીને ૫૦૦ થી વધારે વૈષ્ણવોને નવું વર્ષ સૌના જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધકારક બને તેવા આશીર્વચન આપ્યા હતા. આ અન્નકૂટના આયોજનમાં ગાંધીનગર વૈષ્ણવ સમાજના મહિલા અને પુરૂષ સ્વયંસેવકો અને હોદ્દેદારો જોડાયા હતા.

## સરસ્વતી વિદ્યાલયમાં લાભપાંચમે મુહૂર્ત કર્યુ

સરસ્વતી વિદ્યાલય સેક્ટર-૬ માં લાભપાંચમ નિમિત્તે સરસ્વતી માતાની પૂજનવિધિ તેમજ શુભ મુહૂર્ત કર્યુ હતુ. જેમાં શાળાના પ્રમુખ પ્રદિપસિંહ બિહોલા તેમજ શાળાના શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. તહેવારોના શુભ દિવસોમાં શાળાની બહેનો દ્વારા આસોપાલવના તોરણિયા બનાવીને લગાવવામાં આવ્યા હતા. સુંદર રંગો દ્વારા આકર્ષક રંગોળી પૂરવામાં આવી હતી. સરસ્વતી માતાને પુષ્પની માળા અર્પણ કરીને દીપ પ્રાગટ્ય કર્યુ હતુ. સરસ્વતી વંદના કરીને સમગ્ર સ્ટાફે પ્રસાદ ગ્રહણ કર્યો હતો.

## રાજ્યકક્ષાની માસ્ટર્સ એથ્લેટીક્સ સ્પર્ધા આગામી ૨૭-૨૮મીએ દ્વારકા ખાતે યોજાશે

ગાંધીનગર, તા. ૯

રાજ્યકક્ષાની માસ્ટર્સ એથ્લેટીક્સ સ્પર્ધા તા. ૨૭ અને ૨૮ ના રોજ દ્વારકા ખાતે યોજાવાની છે. જેમાં ગાંધીનગર જિલ્લાના ૩૫ વર્ષથી ઉપરના પાંચ વર્ષના ગ્રુપ પ્રમાણે ભાઈઓ તથા બહેનો ભાગ લઈ શકશે. આ સ્પર્ધાના ફોર્મ ભરવા માટે કે.કે. પટેલ (મો. ૯૮૯૮૬૧૬૮૦૮)નો સંપર્ક તારીખ ૧૬ સુધીમાં કરવા જણાવાયું છે. જેમાં ડૉક્ટરી પ્રમાણપત્ર ફોર્મ્સની સાથે સામેલ રાખવાનું રહેશે.